ગાંધીનગરથી દર પહેલી અને સોળમી તારીખે પ્રકાશિત થતું પાક્ષિક

R.N.I. No. GUJGUJ/2014/58000

Registered under RNI No. GUJGUJ/2014/58000 Permitted to post at SRO,GANDHINAGAR-382010 on 1st & 16th date of every month under Postal Regd No G-GNR-317 issued by SSP GNR valid up to 31-12-2017

# દયાનંદ ટાઈમ્સ પાક્ષિક

Dayanand times (Fortnightly) Gandhinagar

વર્ષ : ૩ ● અંક : ૦૧ ● તંત્રી : હરીશ રાણા ● સહતંત્રી : ભાઈલાલ મંગે ● તારીખ : ૦૧-૦૪-૨૦૧૬, શુક્રવાર R.N.I. No. GUJGUJ/2014/58000 ● કિંમત : રૂા. ૦.૫૦ ● પાના : ૪

## સંતશ્રી ઓધવરામ વૈદિક ગુરુકુળ ભવાનીપર કચ્છ ખાતે શાળાના ભવનના શિલાન્યાસનો કાર્યક્રમ સંપન્ન

મુંબઈ

સંતશ્રી ઓધવરામ વૈદિક ગરુકૃળ, ભવાનીપુર ખાતે શાળા શરૂ કરવા અંગે તાજેતરમાં મુંબઈ ખાતે સંતવાણીનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. ગુરુકુળના સ્થાપક સંતશ્રી હરભોલેબાપાની ૧૮મી નિર્વાણ તીથી નિમિત્તે ૧૧ કુંડિય ગાયત્રી યજ્ઞનું ભવ્ય આયોજન ઘાટકોપર



સ્થિત કોહીનૂર મોલ ખાતે યોજવામાં આવ્યું હતું.


મુંબઈ ખાતે યોજાયેલા સંતશ્રી ઓધવરામ વૈદિક ગુરુકુળના લાભાર્થે યોજાયેલ સંતવાણી કાર્યક્રમમાં કચ્છી સમાજના દાતાઓએ દાનનો ધોધ વરસાવી દીધો હતો.

ઘાટકોપરના કોહીનૂર મોલ ખાતે યોજાયેલા સંતવાણી કાર્યક્રમમાં ભજનોકો સર્વશ્રી ગિરધર ભાનુશાલી, શંકરભાઈ, યોગેશપરુરી કુ. મિતલબેન ગઢવી તથા દાસશ્યામજી એ પ્રાચિન અર્વાચીન ભજનોની રમઝટ બોલાવી હતી.

આ પ્રસંગે ગુરુકુળના ટ્રસ્ટી શ્રી મંગલભાઈ ભાનુશાળી, ખટાઉ હંજડા, વસંગભાઈ ચાંદ્રા ગાંધીધામે ગુરુકુળના આગામી કાર્યક્રમોની માહિતી આપી હતી. સંતશ્રી ઓધવારા વૈદિક ગુરુકુળના પ્રાંગણમાં શરૂ થઈ રહેલી ગુજરાતી માધ્યમની શાળા શરૂ કરી શૈક્ષણિક ક્ષેત્રે કચ્છમાં સેવા વિસ્તારવાનો કાર્યક્રમ વિસ્તારપૂર્વક રજુ કર્યો હતો. આ ઉપરાંત છેલ્લા ૨૫ વર્ષથી સામાજીક, શૈક્ષણિક અને સેવાકીય પ્રવૃત્તિઓનો અહેવાલ પણ આપ્યો હતો.

આ પ્રસંગે દાનની સરવાણીમાં કચ્છી દાનવીર શ્રી ધનજીભાઈ શાહ, શ્રી મહેન્દ્રભાઈ શાહ, શ્રી રમેશ ગજરા, શ્રી રાહુલ જગન્નાથ જોશી, શ્રી જેરામભાઈ ભાનુશાળી, શ્રી મનજી ખીયાશી ('બાપુ'), શ્રી મનોજભાઈ શ્રી હરીભાઈ વગેરે આગેવાનોએ પોતાનું અનુદાન આપીને કાર્યક્રમને ભવ્ય બનાવ્યો હતો.

ત્યારબાદ કચ્છમાં ગુરુકુળ ખાતે સ્કૂલના મકાનનું ખાતમૂહૂર્ત ગુરુકુળના આચાર્ય સ્વામી શાંતાનંદજીના હસ્તે મકાનના મુખ્ય દાતા શ્રી હરિદાસ ચાદ્રા તેમજ ગામના મહાજનના આગેવાનો તેમજ ભૂજ, નખત્રાણા, મુંદ્રા માંડવી, અંજાર, લુડવા વગેરે સ્થળોએથી પધારેલા મહાનુભાવાની હાજરીમાં સંપન્ન થયું હતું.




ઈશ્વરની અસીમ અનુકંપા તથા ગુરુજનોના આશીર્વાદતથા સમાજના ધર્મપ્રેમી દાન-દાતાઓના સહયોગથી ગુરુકુળ ભવાનીપુર વૈદિક ધર્મના પ્રચારાર્થે એક કદમ આગળ વધી ઉન્નતિના પંથે અગ્રેસર થઈ રહ્યું છે.

સ્કૂલ માટેના ભવનના શિલાન્યાસ કાર્યક્રમના અવસર પર સ્વામી શાંતાનંદજીએ જણાવ્યું હતું કે, હવેથી વિદ્યાર્થીઓએ ગુકુળમાં જ ગુજરાત સરકારના પાઠ્યક્રમની સાથે સાથે સંસ્કૃત, અંગ્રેજી, હિન્દી, ગુજરાતી અને કચ્છીમાં નાના નાના વેદ સંદેશોનો અભ્યાસ કરાવવમાં આવશે. આ પ્રકારે મોટા બ્રહ્મચારીઓને દર્શન ઉપનિષદ્ તથાવેદોના મંત્રોનો અભ્યાસ કરાવીને દેશ-વિદેશમાં પ્રચાર કરી શકે તેવા યોગાભ્યાસી વિદ્વાનોના નિર્માણનું કાર્ય કરવામાં આવશે.



દયાનંદ ટાઈમ્સ

શુભેચ્છક વાર્ષિક લવાજમ : રૂા. ૨૦૦/-

મનીઓર્ડર મોકલવાનું સરનામું

: કાર્યાલય :

૭૯૧/ડી/૩, પંચશીલ પાર્ક, સેક્ટર-૨૧, ગાંધીનગર-૩૮૨૦૨૧.

મો. - ૯૪૨૮૪-૨૨૨૮૬


॥ ओ३म् ॥

आर्यवन विकास फार्म ट्रस्ट

Trust. Reg. No. : E/965 Sabarkantha Estd : 01-09-1981

रोजड, पो. सागपुर, ता. तलोद.,जि. साबरकांठा. पिन:३८३३०७ गुजरात, भारत. दूरध्वनी : ०२७७०-२८७६१८

ARYAVAN VIKAS FARM TRUST

Rojad, Po. Sagpur, Dist. Sabarkhantha-383307. Gujarat. INDIA. E-mail : aryavanrojad@gmail.com

✽ ३०वा वार्षिकोत्सव एवं आर्यवन आर्ष कन्या गुरुकुल का उद्घाटन समारोह ✽

समादरणीय श्रीमान/श्रीमति, ____________

परमपिता परमात्मा की असीम अनुकंपा से "आर्यवन विकास फार्म ट्रस्ट" की स्थापना को ३५वर्ष पूर्ण हो रहे है। "आर्यवन" में ब्रह्मनिष्ठ स्वामी सत्यपति जी के सानिध्य मे स्थापित "दर्शन योग महाविद्यालय" का ३०वां वार्षिकोत्सव एवं "आर्यवन ट्रस्ट" द्वारा संचालित समस्त गुजरात प्रांत का गौरव "आर्यवन आर्ष कन्या गुरुकुल" का उद्घाटन समारोह आगामी चैत्र शुक्ल प्रतिप्रदा संवत २०७२ शुक्रवार दिनांक : ८-४-२०१६ को और समापन समारोह दिनांक : ९-४-२०१६ को होगा।

"आर्यवन" को विश्व प्रसिद्ध करने वाले पूज्यपाद स्वामी सत्यपति जी के आशीर्वाद एवं "दर्शन योग महाविद्यालय" के निदेशक स्वामी विवेकानंद जी तथा "वानप्रस्थ साधक आश्रम" के अध्यक्ष आचार्य ज्ञानेश्वर जी की ओजस्वी वाणी का उपस्थित जनसमूह को लाभ मिलेगा।

"आर्यवन आर्ष कन्या गुरुकुल" की निष्ठावती आचार्या डॉ.शीतल जी के मान्यवर गुरुगण अलियाबाद (आ.प्र.)आर्ष शोध संस्थान से आचार्य आनंद प्रकाश जी, आचार्या नीरजा जी तथा अजमेर से आचार्य सत्यजित् जी भी इस शुभ अवसर पर पधार रहे हैं।

इस कार्यक्रम में सार्वदेशिक आर्य प्रतिनिधिसभा दिल्ली के माननीय अध्यक्ष श्री सुरेशचंद्र अग्रवाल जी (अहमदाबाद) भी विशेष अतिथि के रूप में उपस्थित रहेंगे।

गुजरात राज्य के सन्माननीया बाल एवं महिला विकास मंत्री श्रीमती वसुबहन त्रिवेदी उद्घाटन की इस पावन वेला में उपस्थित रहेंगी। गुजरात राज्य के सन्माननीया मुख्यमंत्री श्रीमती आनंदीबहन और जगप्रसिद्ध स्वामी रामदेव जी को भी इस अवसर पर विशेष आमंत्रित किया गया है। पाटीदार समाज का गौरव श्रीमती भूमिका पटेल (डेप्युटी डायरेक्टर ओफ ईन्कमटेक्स), युवाओं के मार्गदर्शक कर्मठ ब्र.अरुण आर्यवीर, वैदिक प्रवक्ता श्री चंद्रेश जी (गांधीधाम-कच्छ), भजनोपदेशक पं. नरेशदत्त जी तथा ११ कुंडी यज्ञ के ब्रह्मा गुजरात युनि.के संस्कृत विभागाध्यक्ष डॉ. कमलेशकुमार शास्त्री और स्वामी शांतानंद जी(भवानीपुर-कच्छ) एवं अन्य गणमान्य विद्वान तथा संन्यासीगण भी अपनी गौरवमयी उपस्थिति से इस कार्यक्रम की शोभा बढायेंगे।

आप सभी को सूचित करते हुए हर्ष हो रहा है की इस गुरुकुल में वैदिक विदुषियों के लिए प्रधाना चार्या डॉ. शीतल जी के निर्देशन में मुख्यरूपसे पाणिनीय अष्टाध्यायी के क्रम से महाभाष्य पर्यन्त सम्पूर्ण संस्कृत व्याकरण, निरुक्त, छंदशास्त्र तथा सांख्य- योग- वैशेषिक- न्याय - मीमांसा - वेदान्त इन छह आर्ष दर्शनों के साथ साथ वेद, उपनिषद्, महर्षि दयानंद के ग्रंथ तथा अन्य वैदिक साहित्यों का स्वाध्याय और योग दर्शन में वर्णित क्रियात्मक योग प्रशिक्षण भी सिखाया जायेगा। "आर्यवन ट्रस्ट" के द्वारा गुरुकुल में छात्राओं को आवश्यक सब सुविधा व सुरक्षा निःशुल्क उपलब्ध होगी।

आप सभी महानुभावों से प्रार्थना है कि इस अनमोल अवसर में परिवार के साथ पधारकर आयोजकों को प्रोत्साहित कर विद्वानों के उपदेश का लाभ उठायें।

:: निवेदक ::

प्रमुख : मनसुख बेलाणी मंत्री :जशवंत पोकार

आर्यवन विकास फार्म ट्रस्ट के सभी ट्रस्टी गण एवं सलाहकार सभ्यश्रीओ

संयोजकश्री : विनोद बेलाणी एवं परेश प्रेमजीयाणी

आर्यवन आर्ष कन्या गुरुकुल

विनंती :अतिथि महानुभावोको आर्यवन में ठहरने की अपेक्षा है वे कृपया अपनी आनेकी सूचना निम्नलिखित दूरभाष पर दिनांक : ५-४-२०१६ तक दे देवे, जिससे आपके निवास की व्यवस्था सुचारु रूपसे हो सके।

संपर्क : विनोद बेलाणी - ०९८२०८०८६२६, जशवंत पोकार - ०९९७९००२०९७

E-mail : aryavanrojad@gmail.com

### વાનપ્રસ્થ સાધક આશ્રમ, આર્યવન રોજડ ખાતે

## ૧૨ કલાક અને ૩૬૫ દિવસ ચાલનાર અગ્નિહોત્રનો શુભારંભ




રોજડ

વાનપ્રસ્થ સાધક આશ્રમ આર્યવન, રોજડ ખાતે ગત તા. ૨૦મી માર્ચના રોજ રવિવારે ૧૨ કલાક અને ૩૬૫ દિવસ ચાલનાર અગ્નિહોત્રનો શુભારંભ કરવામાં આવ્યો છે. પૂ. સ્વામી સત્યપતિજી પરિવ્રાજકજીએ આ શુભપ્રસંગે ઉપસ્થિત સૌને આશીર્વચન પાઠવ્યા હતા. અખંડિત અર્થાત દિવસભર (સુર્યોદય થી સુર્યાસ્ત સુધી) સતત ચાલનાર આ અદ્વિતિય, અભૂતપૂર્વ, અદ્‌ભૂત, પ્રેરણીય અગ્નિહોત્રનો પ્રારંભ થઈ ચૂક્યો છે. આ પ્રસંગે આચાર્ય જ્ઞાનેશ્વરજીએ ઉપસ્થિત લોકોને યજ્ઞ કરવાથી થતાં લાભ તથા વર્તમાન પરિસ્થિતિમાં યજ્ઞની ઉપયોગિતાની જાણકારી આપી હતી. આ પ્રસંગે ગુરુકુળ હોશંગાબાદના સ્વામી ઋપસ્પતિજી ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

અગ્નિહોત્ર માટે બનાવવામાં આવેલ યજ્ઞકુંડ વિશેષ સ્ટ્નલેસસ્ટીલમાંથી ત્રણ માળનો બનાવવામાં આવ્યો છે. આ યજ્ઞકુંડમાં સૌ પ્રથમ આહૂતિ સાર્વદેશિક આર્ય પ્રતિનિધિ સભા, દિલ્લીના નયનિયુક્ત પ્રધાન શ્રી સુરેશચંદ્ર અગ્રવાલે આપી હતી.

આ પ્રસંગે ગુજરાતભર માંથી યજ્ઞપ્રેમી મહાનુભાવોએ હાજરી આપી હતી. તેમાં મુખ્યત્વે શ્રી સત્યનારાયણ જુઈવાલાજી, શ્રી ઘનશ્યામભાઈ માણેક, શ્રી મણીભાઈ પોકાર, શ્રી અવધેશપ્રસાદ પાંડેય, શ્રી કમલેશકુમાર શાસ્ત્રીજી, શ્રી શશિકાંત આર્ય, શ્રી જયંતિભાઈ પોકાર, શ્રી રાજેશભાઈ પારેખ, શ્રી સુરેશભાઈ ચાવડા, સુશ્રી જશવિદ્યાબેન , ડૉ. સદગુણા આર્યા હતા. આ તમામે યજ્ઞવેદીમાં આહુતિ પ્રદાન કરી હતી.

એકાકી ચિન્તાયેન્નિત્યં વિવક્તો હિતામાત્મનઃ ।
એકાકી ચિન્તાયાનો હિ પરં શ્રેયોડધિગચ્છતિ ॥

मनुस्मृति ૨૫૮(૮૮)

દરરોજ એકાંતમાં બેસીને એકલા અર્થાત સ્વયં પોતે પોતાના આત્મામાં પોતાના કલ્યાણની વાતોનું ચિંતન કરે કારણ કે એકાંકી ચિંતન કરનાર વ્યક્તિ વધુમાં વધુ કલ્યાણને પ્રાપ્ત કરતો જાય છે.

તંત્રી સ્થાનેથી....

## નર્મદા ડેમ પર દરવાજા મુકવાની કામગીરી માર્ચ ૨૦૧૭ સુધી પૂર્ણ

મુખ્યમંત્રી આનંદીબેન પટેલે જણાવ્યું છે કે, યુપીએના શાસનમાં ગુજરાતની જીવાદોરી સમાન નર્મદા યોજનામાં અવરોધો ઉભા કરી ગુજરાતના ખેડૂતોને અન્યાય કર્યો છે. દેશમાં ભાજપનું શાસન આવતા ગુજરાતના પનોતા પુત્ર અને વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ માત્ર ૧૭ દિવસના ટૂંકાગાળામાં નર્મદા ડેમ પર દરવાજા મુકવાની મંજુરી આપતાની સાથે જ ડેમ દરવાજા મુકવાની કામગીરી હાથ ધરવામાં આવી છે. નર્મદા ડેમ પર દરવાજા મુકવાનું કામ આગામી ૨૦૧૭ સુધીમાં પૂર્ણ કરવામાં આવશે તેમ તેમણે સ્પષ્ટપણે જણાવ્યું હતું. વડોદરા ખાતે ગુજરાત પ્રદેશ કિસાન મોરચા દ્વારા મધ્ય ગુજરાતના જિલ્લાઓ માટે આયોજિત વિરાટ કિસાન રેલીને સંબોધતા મુખ્યમંત્રી આનંદીબેન પટેલે નર્મદા ડેમ ઉપર દરવાજા મુકવાના કામને ખોરંભે પાડવાનો કોંગ્રેસ પર આક્ષેપ કરતા જણાવ્યું હતું કે, યુપીએ સરકારની ગુજરાતના કિસાનોને અન્યાયપૂર્ણ નીતિને કારણે નર્મદા યોજનાનું કામ અટક્યું હતું, પરંતુ કેન્દ્રમાં ભાજપની એનડીએ સરકારના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વવાળી સરકારે કિસાનોના હિતમાં ગુજરાતનો આ વર્ષો જૂનો પ્રશ્ન ટુંકા જ ગાળામાં હલ કર્યો છે. મુખ્યમંત્રીએ ઉમેર્યું હતું કે, નર્મદા ડેમ પર દરવાજા મુકવાના કામને મંજુરી મળતા છેલ્લા બે વર્ષમાં અત્યાર સુધીમાં ૨૫ પીલર્સ, ૩૦ રેડિયલ ગેટના કામ પૈકી ૨૨ રેડિયલ ગેટનું કામ યુદ્ધના ધોરણે પૂર્ણ કરવામાં આવ્યું છે. બાકીના ૮ રેડિયલ ગેટ મુકવાનું કામ આગામી માર્ચ ૨૦૧૭ સુધીમાં પૂર્ણ કરવામાં આવશે. આ કામ પૂર્ણ થતાં ઉત્તર ગુજરાત, કચ્છ અને સૌરાષ્ટ્રની લાખો હેક્ટર જમીનમાં નર્મદાનું સિંચાઇનું પાણઈ ખેડૂતોને મળશે. ગુજરાતમાં કોંગ્રેસના શાસનમાંલોકો પીવાના પાણી માટે વલખાં મારતા હતા તેનો ઉલ્લેખ કરતા મુખ્યમંત્રીએ ઉમેર્યું હતું કે, ભાજપના શાસનમાં છેલ્લા ૧૫ વર્ષમાં રાજ્યમાં ૧૩ હજાર ગામડાઓ, ૮ મહાનગર, ૧૫૧ નગરપાલિકાઓમાં ૧૨૫૦૦૦ કિમી ભૂગર્ભ પાઈપલાઈન દ્વારા પીવાનું પાણી પહોંચાડવામાં આવી રહ્યું છે, એટલું જન હીં વાસમો દ્વારા ૧૮ હજાર જેટલી પાણી સમિતિઓ દ્વારા ૬૭ હજાર મહિલાઓ જળવ્યવસ્થાપનની કામગીરી સંભાળી રહી છે. જેને પરિણામે ગુજરાત આજે ટેન્કરમુક્ત રાજ્ય બન્યું છે. તેમણે પ્રધાનમંત્રી વિમા યોજનાનો દરેક ખેડૂતને લાભ લેવા ભારપૂર્વક જણાવ્યું હતું. ખેડૂતોને પરંપરાગત અને સજીવ ખેતી તરફ વાળવાનો અનુરોધ કરતા મુખ્યમંત્રીએ સમગ્ર દેશમાં પહેલીવાર ગુજરાતમાં ઓર્ગેનિક યુનિવર્સિટી સ્થાપવાની નેમ વ્યક્ત કરી હતી. મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે, ગુજરાતના ગામડાઓમાં ગોચર વિકાસ માટે ગૌચર વિકાસ બોર્ડને રૂપિયા ૧૦૦ કરોડની ફાળવણી કરવામાં આવી છે.

# ઈશ્વરને દેશ અને કાળની સીમાઓ બાંધી શકતી નથી

સૃષ્ટિની આદિમાં પરમાત્માએ જે જ્ઞાન અગ્નિ, વાયુ, આદિત્ય અને અંગિરા- આ ચાર ઋષિઓના અંતઃકરણમાં પ્રકાશિત કર્યું તે વેદ નામથી કહેવાયા. ચાર ઋષિઓમાં આ જ્ઞાન પ્રકાશિત થવાથી તે ઋક્, યજુ, સામ અને અથર્વ નામના ચાર વેદો કહેવાય છે. તથા જ્ઞાન, કર્મ અને ઉપાસના- વેદો આ ત્રણ માર્ગોનો નિર્દેશ કરે છે.

વેદ સંસારના સર્વથી પ્રાચીન મનાય છે. આ કારણથી જ્યાં અન્ય વિધિ-વિધાનો, સાંસ્કૃતિક અથવા ધાર્મિક માન્યતાઓનું વર્ણન મળે છે ત્યાં સુધી ભક્તિરસનું પણ ઉચ્ચતમ દર્શન થાય છે. ઋગ્વેદનો આરંભ જ ઈશ્વર સ્તુતિ **અગ્નિમીલે પુરોહિતમ્...** થી થાય છે.

વૈદિક ભક્તિના મુખ્ય ત્રણ સોપાનો છે- સ્તુતિ, પ્રાર્થના અને ઉપાસના. ઉપાસના પહેલા ભક્તિની બાબતમાં સ્તુતિ તથા પ્રાર્થના આવે છે. સ્તુતિમાં ઈશ્વરના ગુણોનું કિર્તન હોય છે. કોઈના ગુણોનું જ્ઞાન તેના સ્વરૂપને સમજવામાં અધિક સહાયક છે. આથી સ્તુતિ જ્ઞાનકાંડની અંતર્ગત આવે છે. પ્રાર્થનામાં ઈશ્વર પાસે પાપોનું પ્રાયશ્ચિત અને પુણ્યની પ્રાપ્તિ માટે માગણી કરવામાં આવે છે. પાપમયી રાક્ષસીવૃત્તિનું દમન તથા પુણ્યમયી દેવી વિભૂતિઓનો સમાવેશ કર્મની અપેક્ષાએ રાખવામાં આવે છે. અવિરત કર્મ, સતત અભ્યાસ દ્વારા જ તેની સિદ્ધિ સંભવ થાય છે. જ્ઞાન માણસને લક્ષ્ય યાદ કરાવે છે. કર્મ તે સ્થળ સુધી પહોંચાડે છે અને ઉપાસના તે લક્ષ્ય સ્થાને બેસાડે છે. આથી ભક્તિના જ ત્રણ અંગો સ્તુતિ, પ્રાર્થના અને ઉપાસના, વેદત્રયી દ્વારા પ્રતિપાદિત જ્ઞાન, કર્મ અને ઉપાસનાના ત્રિમાર્ગનું રૂપ ધારણ કરે છે. ભક્તિ ત્રણેય માર્ગોની પાવન ત્રિવેણીનો સંગમ છે. જ્ઞાન અને કર્મ સંપતિના ઈશ્વર કૃપા સાથે સામંજસ્ય જ વૈદિક ભક્તિનો આદર્શ છે.

**ઈશ્વરનું દાર્શનિક સ્વરૂપઃ**

ભક્તિ ભાવના ઈશ્વરના અસ્તિત્વ આધારિત છે. ઈશ્વરનું અસ્તિત્વ છે, ઈશ્વર જ્ઞાનવાન છે, તે સાથે તેઓ આનંદથી ઓતપ્રોત છે, ઈશ્વરના આનંદરૂપનો ઉલ્લેખ કરતાં મહર્ષિ દયાનંદ સરસ્વતી કહે છે **ત્વમેવ જ્યેષ્ઠાય બ્રહ્મણે નમઃ** (ઋ.૧૦:૮:૧) - આ સર્વ શ્રેષ્ઠ ઈશ્વરને અમારા નમસ્કાર છે.

**શુક્રજ્યોતિશ્ચ ચિત્રજ્યોતિશ્ચ...** (યજુ. ૧૭:૮૦) અનુસાર ઈશ્વર શુદ્ધ છે, કાંતિ અને તેજથી યુક્ત છે. આ પ્રમાણે .. **અમૃતઃ સ્વયંભૂ રસેન તૃપ્તો..** (અથર્વ ૧૦:૮:૪૪) માં ઈશ્વરને અમૃત, સ્વયંભૂ અને આનંદથી ઓતપ્રોત કહ્યા છે. ઈશ્વરને **મન્દ્ર** અર્થાત્ આનંદિત (ઋ. ૮:૪૩:૩૧) તો **મદાનાં મંહિષ્ઠ** -સર્વથી અધિક આનંદપૂર્ણ (ઋ. ૪:૩૧:૨) તથા **મન્દમાનાય**- આનંદયુક્ત, સદૈવ આનંદમય (ઋ. ૧૦:૫૦:૧) કહેવાયા છે. તો વળી **અજસ્ર** - ઈશ્વર સતત જ્યોતિથી સંપન્ન અને આનંદ સ્વરૂપ છે (ઋ. ૯:૧૧:૩).

યજુર્વેદ ૪૦:૮ માં ઈશ્વરના સગુણ અને નિર્ગુણ બનને રૂપોનું વર્ણન છે. ઈશ્વર પ્રાકૃત ગુણો વિહીન હોવાના કારણે નિર્ગુણ અને પોતાના ગુણોથી સહિત હોવાના કારણે સગુણ કહેવાય છે. વળી ઋગ્વેદ (૭:૪:૪) માં ઈશ્વરને અજ્ઞાનીઓમાં જ્ઞાની અને મર્ત્યોમાં અમૃત કહ્યા છે.

ઈશ્વરને દેશ અને કાળની સીમાઓ બાંધી શકતી નથી. તે સર્વ સીમાઓનું અતિક્મણ કરી જાય છે, અનંત છે, સૂક્ષ્મથી પણ સૂક્ષ્મ અને મહાનથી પણ મહાન છે (અથર્વ ૪:૬:૩). ઋગ્વેદ ((૧:૯૭:૫-૬) માં પણ ઈશ્વરના વ્યાપક સ્વરૂપનું વર્ણન કરતા કહે છે કે પ્રકાશયુક્ત ઈશ્વરના પ્રકાશના કિરણો ચારે બાજુ ફેલાયેલા છે. તે વિશ્વતોમુખ અને સર્વમાં સમાયેલા છે. તો યજુર્વેદ (૪૦:૫) અનુસાર તે દૂરથી પણ દૂર અને નજીકથી પણ નજીક અર્થાત્ અંતર્યામી રૂપમાં સર્વની અંદર વિરાજમાન અને સર્વની બહાર પણ છે. આગળ વધીને યજુર્વેદ (૩૨:૮) માં પણ તેને સર્વમાં ઓતપ્રોત અને સર્વવ્યાપક કહ્યા છે. અથર્વવેદ (૧૦:૮:૧૨)માં ઈશ્વરને અનંત તથા અંતવાળાની ચારે બાજુથી ઘેરાયેલા બતાવ્યા છે. યજુર્વેદના પુરુષ સૂક્તમાં પણ જેની વચમાં સમગ્ર મસ્તક, આંખ અને પગ સ્થિર રહ્યા છે કેમ કે તે અનંત છે એમ કહી તેની અનંતતા કહી છે. ઈશ્વર સર્વશક્તિમાન છે, મરણાધીન માનવ અને દિવ્ય ગુણ સંપન્ન દેવતા તેની શક્તિને માપી શકતા નથી એવું ઋગ્વેદ (૧:૧૦૦:૧૫) માં વર્ણન મળે છે. સ્વયંભૂ સર્વશક્તિમાન, સર્વવ્યાપક, સત્ ચિત્ત્ આનંદ સ્વરૂપ સત્તા એક છે તેનો ઉલ્લેખ ચારે વેદમાં અનેકમ સ્થળે મળે છે.

તે ઈશ્વર ચોક્કસ રીતે એક જ છે, દેવ અનેક છે, પણ દેવોના દેવ પરમેશ્વર એક જ છે. તે એક હોવા છતાં પણ અનેક નામોથી ઓળખાય છે- ઈન્દ્ર, અગ્નિ, વરૂણ, મિત્ર, સુપર્ણ, ગુરૂત્માન વગેરે વિવિધ નામો તે એક પરમેશ્વરના જ છે.

ઈશ્વરના નામ એક વાણીમાં જ નથી, વિવિધ વાણીઓમાં વિવિધ

### વૈદિક સંહિતામાં ભક્તિતત્ત્વ

-દિનેશચન્દ્ર ધર્મમાર્તન્ડ સંપાદિત પ્રાચીન અને અર્વાચીન વૈદિક સાહિત્યમાં ધર્મતત્વ પુસ્તકમાંથી

પ્રકારના છે. આ સંબંધમાં ઋગ્વેદનું બીજાં મંડલનું પ્રથમ સૂક્ત ધ્યાનાકર્ષક છે, તેનું સમર્થન કઠોપનિષદ અને મનુસ્મૃતિ પણ કરે છે. આ ઈશ્વરનું નામ ઓરૂમ્ છે. યજુર્વેદ (૪૦:૧૭) માં ઓરૂમ્ અને બ્રહ્મ શબ્દો દ્વારા આ ઈશ્વરના નામનો નિર્દેશ છે. **ઓરૂમ્ ક્રતો સ્મર** (યજુ ૪૦:૧૫)માં જીવને તેના નામ **ઓમ**નું સ્મરણ કરવા યોગ્ય કહ્યું છે.

ઋગ્વેદ (૮:૧:૧) તથા અથર્વવેદ (૨૦:૮૫:૧)માં આ બ્રહ્મની ઉપાસના કરવા માટે લંબાણપૂર્વક નિર્દેશ કરીને કહે છે કે હે સખા, સાધકો પ્રત્યેક યજ્ઞકર્મમાં સાથે મળીને સર્વ કામનાઓ પૂર્ણ કરવાવાળા પરમેશ્વરની સ્તુતિ કરો. વારંવાર તેના ગુણગાન કરો, તેના નામનો જાપ કરો. ઈશ્વર સિવાય અન્ય કોઈની પણ પ્રશંસા ન કરો, કારણ કે અન્યની સ્તુતિ વિનાશકારી છે. અથર્વવેદ (૨:૨:૧)માં પણ એક ઈશ્વરની સ્તુતિ અને તેને નમસ્કાર કરવાનો આદેશ છે.

જીવ સામે ઈશ્વર ઉપરાંત પ્રકૃતિ છે. આથી તેની આરાધના કરવાની આજ્ઞા આપતા નથી. **અવસ્યુર્નામભિક્ષતે..** (ઋ.૭:૩૨:૧૭) માં રક્ષણની ઈચ્છા કરવાવાળો સાધક ઈશ્વરના નામની ભીખ માગે છે. ઈશ્વરનું આ નામ ઓરૂમ્નુ સ્મરણ કરવું જોઈએ. ભક્ત આ નામનો યાચક છે. આ નામ જાપ, ઈશ્વર સ્મરણ ભક્તની રક્ષા કરવાવાળુ છે. તે જ તેના રક્ષણહાર, અન્નદાતા અને પાલનહાર છે. વેદમાં પરમાત્માના બે પ્રકારના ગુણ જોવા મળે છે.- એક જગત સંબંધી અને બીજો જીવ સંબંધી. જગત સંબંધી ઈશ્વરના ગુણ આ જગતની ઉત્પત્તિ પૂર્વે તે વિદ્યમાન હતો અને તેના રચયિતા ઈશ્વર કવિ છે. અહીં કવિનો અર્થ શબ્દ કરવાવાળા, વાણી શક્તિના ભંડાર, વાણીના અધિપતિ એવો થાય છે. કવિને મળતો આવતો તેનો સમાનાર્થી શબ્દ વાચસ્પતિ છે. વેદોએ આ નામથી ઈશ્વરની સ્તુતિ કરી છે. આ પણ આશ્ચર્યનો વિષય છે કે રચનાનો આરંભ આકાશથી થાય છે, જેનો ગુણ શબ્દ થાય છે. ઓરૂમ્ શબ્દ અવ્યય છે. ઉપનિષદકારોએ એકી અવાજે આ ઓરૂમ્થી, અક્ષર બ્રહ્મથી, અખિલ સૃષ્ટિની ઉત્પત્તિનો સ્વીકાર કર્યો છે. તે ઉત્પત્તિકર્તા છે તે પાલનહાર છે અને તે સંહારકર્તા છે. ઈશ્વરે સૃષ્ટિ ઉત્પન્ન કરી છે, તે તેની રક્ષા કરે છે અને તેને પોતાનામાં વિલય પણ કરશે. સૃષ્ટિની ઉત્પત્તિ, વિલય અને આશ્રય સ્થાન ઈશ્વર જ છે.

**તતો વિરાડ્જાયત વિરાજોડધિ પુરુષઃ** (યજુ. ૩૧:૫) શબ્દો દ્વારા આ વિરાટ બ્રહ્માંડને તે ઈશ્વરથી ઉત્પન્ન થયાનું માન્યું છે. આ અધ્યાયમાં સૃષ્ટિના ચરાચર સમસ્ત પદાર્થોની ઉત્પત્તિનું વર્ણન છે. પ્રથમ મંત્રમાં ઈશ્વરને સર્વ સ્થળે પૂર્ણ થઈને પૃથ્વીને તથા લોકોને ધારણ કરી રહ્યો છે અને સર્વ જગતને બનાવવાવાળો કહ્યો છે. જે થઈ ગયું છે અથવા થવાનું છે, જે અન્નથી વધે છે અને અમૃતરૂપ મોક્ષ છે, તે સર્વનો સ્વામી પુરુષ જ છે. આ દૃષ્ટ- અદૃષ્ટ બ્રહ્માંડમાં તેનો મહિમા છે. પુરુષ તેનાથી કેટલોય મહાન છે. સમગ્ર ચરાચર પૃથ્વી આદિ ભૂત તેના એક અંશ છે. તેના ત્રણેય અંશ અવિનાશી મોક્ષ સ્વરૂપમાં કાયમ રહે છે. પુરુષ જે પરમેશ્વર છે તે ત્રિપાદ જગતથી પણ વ્યાપક થઈ રહ્યો છે તથા સદા પ્રકાશ સ્વરૂપ, સર્વની અંદર વ્યાપક અને સર્વથી અલગ પણ છે. તેના દ્વારા આ વિવિધ પ્રકારના પદાર્થો ઉત્પન્ન થયા છે. ઋગ્વેદ (૬:૪૯:૧૩) અનુસાર ઈશ્વરને પ્રકૃત્તિના બંધનથી બંધાયેલા મનુષ્યના ઉદ્ધાર માટે ત્રણ લોકનું નિર્માણ કર્યું છે. ઈશ્વરના શરણની પ્રાપ્તિ થવાથી જીવોનો ઉદ્ધાર થાય છે અને તે પોતાના સ્વરૂપ અને તેનો વિસ્તાર તથા ઐશ્વર્ય આદિને પ્રાપ્ત કરી આનંદિત થાય છે.

જે સત્તા પ્રત્યક્ષ જગતની પાછળ અજ્ઞાતરૂપે રહીને તેનું સમ્યક્ પ્રકારે સંચાલન કરી રહી છે, તેને સંતો, ભક્તો, જ્ઞાનીઓ, દાર્શનિકો પરમેશ્વર કહે છે. પ્રાચીન વિચારકોના મતાનુસાર જીવ આ ઈશ્વરને મુળ રીતે નિયામક, શાસક અને દંડદાતાના રૂપમાં અનુભવે છે. પ્રકૃત્તિમાં થતા ફેરફારના કાર્યમાં નિયમોના તે નિયામક છે. પ્રકૃત્તિ અને જીવ એમ બન્ને પર શાસન કરવાથી શાસક છે અને જીવને તેના શુભ-અશુભ કર્મોના ફળ દેવાવાળા અને એક યોનિમાંથી બીજી યોનિમાં મોકલવાના કારણે તે દંડદાતા છે અથવા ન્યાય કરવાવાળા છે. જીવ ઈશ્વરની મહત્તા અને ઐશ્વર્યથી મોહિત થાય છે. ઈશ્વરની મહાન સત્તા સામે માનવીની ક્ષુદ્રતા, ઈશ્વરની સર્વશક્તિમત્તાની તુલનામાં પોતાની વિવશતા અને ઈશ્વરની સર્વજ્ઞતાની સામે પોતાની અલ્પતાની અનુભૂતિ ધીરે ધીરે જીવને ઈશ્વર તરફ ખેંચી જાય છે. જીવને એવો પણ અનુભવ થાય છે કે જીવના ઉપયોગ માટે સમગ્ર સામગ્રી તે પરમેશ્વરે જ આપી છે. ઈશ્વર પોતાનો સ્વામી સમજે છે. તેની દયા, કરૂણા ઉપર તેનું જીવન આધારિત છે.

ઈશ્વરને પોતાનો સ્વામી માનીને પછી તેનાથી વિમુખ થતો નથી. તેના સામિપ્યની ઈચ્છા રાખે છે. ભક્તની બાબતમાં, આ હેતુ માટે સર્વ પ્રથમ સેવાની ભાવના જાગૃત થાય છે. દાસ્યભક્તિમાં ભક્ત ઈશ્વરને પોતાનો સ્વામી અને ઈષ્ટદેવ સમજે છે. તે માને છે કે ઈશ્વર મારો છે અને હું તેનો છું. તે મારા પિતા છે, પોષક છે, પાલક છે. હું તેનો પુત્ર, પોષ્ય અને પાલિત છું. આવી સંબંધની ભાવના સાધકને ઈશ્વરની સમીપ ખેંચી લાવે છે.ઈશ્વરમાં પિતૃભાવના સાથે માતૃભાવનાનું પણ મહત્વ છે. પુત્ર પિતાને પ્રેમ કરે છે, છતા તેનાથી ડરે પણ છે. માતા પ્રેમની મૂર્તિ છે, તેનાથી તે ડરતો નથી. વૈદિક ભક્તમાં આ માતૃભાવના સ્પષ્ટ રૂપે પ્રગટ થાય છે. સાધક ઈશ્વરને પ્રેમ કરે કે ન કરે પણ ઈશ્વર માતારૂપે પ્રેમ કરતો રહે છે. જીવ ઈશ્વરનો શાશ્વત મિત્ર છે. તેથી તે પોતાના મૂળ ભાવને ઈશ્વરના બંધુત્વને પ્રાપ્ત કરે છે. ઈશ્વર સાક્ષી, ચેતન અને નિર્ગુણ છે. પવમાન ઈશ્વરનો ખરો મિત્ર છે, જેવો તે, તેવો એ. પ્રકૃતિની પરાધીનતામાં પડીને જીવ દુઃખી હતો. દ્વન્દ્વ અને સંઘર્ષમાં પડ્યો હતો, હવે સ્વાધીનતા સાક્ષીના રૂપમાં આનંદી છે. વેદ ઈશ્વરને સર્વના અધિષ્ઠાતા, શાસક, રાજા, દંડદાતા, જીવોને કર્માનુસાર ફળ આપવાવાળા, ન્યાયકારી, સ્વામી, પિતા, માતા, બંધુ અને સખાના સર્વ રૂપોમાં પ્રગટ કરે છે. ઈશ્વરના આ બધા રૂપ તેના અનેક ગુણોનો પ્રકાશ કરે છે. સાધક ઈશ્વરની ઉપાસનામાં આ સર્વ ગુણોને ધ્યાનમાં રાખે છે.

# ઉનાળાનું અમૃત : છાશ

ભારતીય ઉપખંડમાં રહેતા લોકને જ છાશ અનુકૂળ છે તેવું નથી પરંતુ ભૂમિ એટલે કે વિશ્વનાં કોઈપણ ખૂણામાં રહેતા માણસને હંમેશા છાશ અનુકૂળ આવે છે. છાશ કઈ રીતે કામ કરે છે ? શરીરના દેરક કોષોને પોષણ પુરું પાડનાર પોષક રસનું વહન કરતી વાહિનીઓમાં કોઈપણ પ્રકારનો અવરોધ ઉભો થાય ત્યારે પોષણના અભાવે જે તે અવયવ કે તંત્રની કાર્યક્ષમતા ધીમી પડાવ માંડે છે ત્યારે આવા અવરોધક પરીબળને દૂર કરવું ખૂબ જરૂરી છે.

પોષકરસનું વહન કરતી વાહિનીઓને આયુર્વેદમાં સ્ત્રોતસ્ કહે છે. આચાર્ય ચરક કહે છે કે સ્ત્રોતઃ સુતક શુધ્ધેષુ આવા સ્ત્રોતસ્માં સર્જાયેલા અવરોધને દૂર કરવાનું કામ તક્ર કરે છે. સ્ત્રોતસ્ ને પરિશુદ્ધ કરે છે. જેથી પોષકરસનું સન્યક્ અયન એટલે કે વહન થઈ શકે. શારીરિક કોષોને પર્યાપ્ત માત્રામાં પોષણ મળી રહેતા જે તે તંત્ર પૂરા જોશથી કામ કરવાનું ચાલુ કરી દે છે.

વૃદ્ધાવસ્થામાં પોષણ પુરું પાડતા સ્ત્રોતસ્માં પરિપકવતા આવી જતાં જે તે તંત્રને પુરતા પ્રમાણમાં પોષણ મળતું નથી જેને કારણે સ્મૃતિમાંદ્ય, દ્રષ્ટિમાંદ્ય, કરચલીઓ પડવી, વાળ સફેદ થવા વગેરે ઘડપણના ચિહ્નો પેદા થાય છે. પરંતુ જે લોકો નિત્ય છાશનું સેવન કરતા હોય તેમના સ્ત્રોતસ્ ઝડપથી પરિપકવ થતાં નથી, બરડ જતાં નથી ઘણાં લાંબા સમય સુધી વાહિનીઓની સ્થિતિસ્થાપકતા જળવાઈ રહે છે.

કોલેસ્ટ્રોલની સમસ્યાના નિવારણ માટે આયુર્વેદ છાશને ઉત્તમ માને છે. યોગ્ય સેવનથી લોહીમાંના કોલેસ્ટ્રોલનું પ્રમાણ ઘટી જાય છે. બિલગોટબિલ નામના એક અમેરિકી નિષ્ણાંત તબીબના મત અનુસાર આ શોધ આકસ્મિક થઈ હતી. આથી અમેરીકામાં વાન્ડરબિલ્ટ યુનિવર્સિટીના જ્યોર્જ માને એ ૨૬ એવા અમેરિકન સ્ત્રી-પુરુષોને તપાસ્યા કે જેઓ રોજ સવારે લિટર કરતાં વધુ છાશનું સેવન કરતા હતા. તેમના કોલેસ્ટ્રોલનું પ્રમાણ ઘણું ઓછું જણાયું. આથી આ વૈજ્ઞાનિકો સંશોધન કરવા લાગ્યા કે છાશમાં એવું શું છે કે જેથી હૃદય માટે ભયરૂપ એવા કોલેસ્ટ્રોલનું પ્રમાણ ઘટી જાય છે. બલ્ગેરિયન પ્રજા દીર્ઘાયું છે તેનું એક કારણ તેમના હૃદય નિરોગી અને બળવાન હોય છે. બલ્ગેરિયન લોકો પણ છાશનો વિશેષ પ્રમાણમાં ઉપયોગ કરે છે. આયુર્વેદમાં દહીં બન્યા પછી મલાઈ, પાણીનું પ્રમાણ અને મંથન સંસ્કાર અનુસાર એમાંથી જુદી જુદી પાંચ ચીજો બનાવી શકાય છે.

ઘોળ : દહીમાં પીણ નાખ્યા વગર ઉપરના ચીકાશવાળા ઘાટા ભાગ સહિત વલોવેલ દહીં ઘોળવું કહેવાય છે.

મથિત : દહીંમાંથી ઉપરનો ચિકાશવાળો ભાગ કાઢી લીધા પછી પાણી નાંખ્યા વગર વલોવેલું દહીં મથિત કહેવાય છે.

તક્ર : દહીંના પ્રમાણથી ચોથા ભાગનું પીણી એમાં ઉમેરી વલોવેલું દહીં તક્ર કહેવાય છે.

ઉદ્શ્વિત : દહીંથી અર્ધાભાગે પાણી મેળવી બનાવેલ ઉદ્શ્વિત કહેવાય છે.

છચ્છિકા : વલોણાથી વલોવીને જેમાંથી માખણ કાઢી લીધું હોય અને જેમાં ઘણું પાણી ઉમેરેલું હોય તેને છચ્છિકા - છાશ કહેવાય છે.

છાશ માટે મોટે ભાગે આપણે છેલ્લા પ્રકારની છાશ પીવાના ઉપયોગમાં લઈએ છીએ. એ છાશના ગુણ કેવા છે ? તો ઋષિમુનિઓ કહે છે કે છાશ ગુણમાં ઠંડી, પચવામાં સરળ રહે તેવી હલકી, તરસને મટાડનારી, પિત્ત નામના દોષને ઘટાડનારી, પરિશ્રમને અંતે થાકી ગયેલાઓને થાક ઉતારનારી છે. સિંધાલૂણ કે નમક મેળવેલી છાશ વાયુનાશક અને ભૂખ વધારનાર, એપીટાઈઝરનું કામ કરે છે.

આપણે ત્યાં છાશમાં જીરું અને મીઠું નાંખીને પીવાની પરંપરા છે. જીરૂ તેના શીતળગુણથી છાશની ઠંડકમાં વધારો કરે છે. વળી પિત્ત દોષને વધવા દેતું નથી. મીઠી લસ્સી પિત્તશામક છે. આપણે ગુજરાતમાં જેમ ઠેર-ઠેર ચાની લારીઓ છે, તેમ પંજાબમાં લસ્સી માટેનાં ઘણાં કેન્દ્રો જોવા મળે છે. આયુર્વેદ વર્ષો પહેલાં છાશ-દહીં પર સુક્ષ્મતાથી તારણો કાઢેલા છે.

આયુર્વેદની દ્રષ્ટિએ છાશ બીજી ઘણી સમસ્યાઓમાં ઉપયોગી છે.

# વૈદિક અભિવાદન : નમસ્તે

**નમસ્તે અભિવાદન આદિકાળથી વેદ દ્વારા ઈશ્વર તરફથી મળેલ આ અત્યંત સાર્થક અભિવાદન છે, મન,વચન અને ક્રિયાનો ત્રિવેણી સંગમ છે.**

સામાન્યતઃ વેદના વિચારો સર્વમાન્ય છે. કારણ કે તે બુધ્ધિગમ્ય, સરળ, સ્પષ્ટ, ત્રિકાલાબાધિત અને ઈશ્વરપ્રદત્ત છે. તે માનવોની આચારસંહિતા દર્શાવતો આદિ મૂળ ગ્રંથ છે. જયારે કોઈ બે કે તેથી વધુ વ્યકિત પરસ્પર મળે ત્યારે સત્કાર તેમજ આશીર્વાદ સૂચક શબ્દ અભિવાદન 'નમસ્તે' કહી કરવું જોઈએ. આ એકતા સૂચક શબ્દ છે. આ શાસ્ત્રોકત ઉત્તમ અભિવાદન છે.

વેદ, પુરાણો, ઈતિહાસ તથા સ્મૃતિ આદિ ગ્રંથો પણ નમસ્તે દ્વારા જ અભિવાદન કરવાની આજ્ઞા કરી છે. વેદોમાં તો પરમપિતા પરમેશ્વરે આ અભિવાદન સૂચક શબ્દનો પ્રયોગ અનેક ઠેકાણે કર્યો છે. યજુર્વેદનો આખો સોળમો અધ્યાય 'નમસ્તે'ના પ્રયોગથી ભરેલો છે. આ અધ્યાયના પ્રથમ મંત્રમાં કહ્યું છે : "नमस्ते रुद्र मन्यवेह्न" અર્થાત્ રુદ્ર સ્વરુપ પરમાત્માને મારા નમસ્કાર છે. "नमस्ते राजन्" (અથર્વ.૨/૧૦/૨) "नमस्ते अग्न ओजसे" (યજુ.૧૬/૩૨)

'નમસ્તે' શબ્દ નમઃ + તે મળી બન્યો છે જેનો અર્થ છે આપના માટે મારા નમન છે. અહીં શબ્દ અર્થ, ભાવના તેમજ શ્રધ્ધાપૂર્ણ વર્તમાન ક્રિયા કરવામાં આવે છે. પૌરાણિક જગતમાં પરસ્પર બે વ્યકિતના મેળાપ સમયે 'રામ-રામ', 'જયશ્રી કૃષ્ણ', 'સીતારામ', 'જયશ્રી સ્વામિનારાયણ', 'જય યોગેશ્વર', 'જય ગુરુદેવ' કે અન્ય શબ્દોચાર અભિવાદન સ્વરુપે કરવામાં આવે છે. અહીં શબ્દ સાથે ગુરુ કે પરમાત્માને યાદ કરવાની ભાવના સારી હોવા છતાં જે તે શબ્દનો અર્થ ક્રિયાસૂચક નથી. શબ્દ કંઈક છે અને ક્રિયા કંઈક છે. ગુરુ કે ઈશ્વરની ઉપાસના કાળમાં કરવામાં આવેલ આ શબ્દોચ્ચાર યોગ્ય ગણાય. પ્રાચીન સંપૂર્ણ સંસ્કૃત સાહિત્ય વાંચી જાઓ પણ આ અભિવાદન સૂચકનો પ્રયોગ કશે જ નથી.

નમસ્તે શબ્દોચ્ચાર દ્વારા ક્રિયાસ્વરુપે બે હાથ જોડી, હૃદય પાસે લઈ જઈ શિર નમાવવામાં આવે છે. આ ક્રિયા આંતર-બાહ્ય દષ્ટિએ શિષ્ટ અને ભાવપૂર્ણ છે. અભિવાદન સહ બે હાથ જોડવામાં આવે છે જેનો ભાવ એ છે કે હું પૂરી શકિતથી બાહુબળનું અભિમાન ત્યજી આપનું સન્માન કરું છું. હાથ જોડીને હૃદય સાથે લઈ જવાનો ભાવ એ છે કે હું શ્રદ્ધાપૂર્વક રાગ-દ્વેષ રહિત થઈ આપનો સત્કાર કરું છું. અને છેવટે શિર નમાવવાનો ભાવ એ છે કે હું પૂરી જાગૃતતાથી તેમજ જ્ઞાનપૂર્વક આપને માન-સન્માન કે આશીર્વાદ આપું છું. આમ, નમસ્તે અભિવાદન પૂરી શકિત, ભકિત અને જ્ઞાનના સમન્વય સાથે ક્રિયા કરવામાં આવે છે. આદિકાળથી વેદ દ્વારા ઈશ્વર તરફથી મળેલ આ અત્યંત સાર્થક અભિવાદન છે. મન, વચન અને ક્રિયાનો ત્રિવેણી સંગમ છે. આ અભિવાદન નાનાઓ મોટા સાથે, મોટાઓ નાના સાથે અને સમવયસ્કો પરસ્પર સત્કાર અને આશીર્વાદરુપે નિઃશંકાપણે કરી શકે છે. આ અભિવાદન માટે કોઈ નાના-મોટા કે જાતિભેદનો કોઈ બાધ નથી. બુદ્ધિમાનો હઠાગ્રહ છોડી 'નમસ્તે' નો પ્રયોગ ભાવનાપૂર્ણ ક્રિયા સાથે કરવો જોઈએ.

-મહેન્દ્ર ગાંધી

# પ્રત્યેક આર્યસમાજી પોતાને ગર્વથી આર્યસમાજી ઘોષિત કરે : મહાત્મા હંસરાજ

આર્ય જગતનાં દેદીપ્યમાન નક્ષત્ર, ત્યાગી, તપસ્વી, કર્મઠ મહાત્મા હંસરાજ વિલક્ષણ પ્રતિભાસમ્પન્ન વ્યક્તિ હતા. તેમણે પોતાનું સંપૂર્ણ જીવન આર્ય સમાજ તથા ડી.એ.વી. ના ઉત્થાન હેતુ સમર્પિત કરી દીધું હતું. તેમનો જન્મ ૧૯ મી એપ્રિલ, ૧૮૬૪નાં રોજ પંજાબ પ્રદેશનાં હોશિયારપુર જીલ્લાના બજવાડા ગામમાં થયો હતો.

ધન્ય છે એ માતા ગણેશીદેવી તથા પિતા ચૂનીલાલ કે જેમના ઘરે એક એવા અનમોલ રત્નએ જન્મ લીધો કે જેણે પોતાના સંકલ્પને પૂર્ણ કરવા માટે સંસારના સમસ્ત ભોગો અને વિલાસોને તણખલાની જેમ તુચ્છ સમજ્યા.

હંસરાજજી ઉપર તેમના માતા-પિતાના આદર્શોની ઉંડી છાપ પડી. પ્રારંભમાં હંસરાજે દયાનંદનું નામ તો સાંભળ્યું હતું, પરંતુ તેમની સાથે ક્યારેય મુલાકાત થઈ ન હતી. ધીરે ધીરે આર્ય સત્સંગોમાં જવું અને આર્ય સમાજી પત્રિકાઓ વાંચવી તથા વિચારકોનાં ઉપદેશો સાંભળવા એ તેમના જીવનનું અંગ બની ગયા.

મેટ્રિક પાસ કરીને હંસરાજજીએ રાજકીય કોલેજ, લાહોરમાં પ્રવેશ મેળવ્યો. અહીં પં. ગુરુદત્ત, લાલા લજપતરાય જેવા મહાન આર્ય સમાજી એમના મિત્ર તથા સહપાઠી બન્યા. હંસરાજજી કુશાગ્ર બુદ્ધિ સમ્પન્ન વિદ્યાર્થી હતા. મહર્ષિ દયાનંદના નિર્વાણ બાદ તેમની સ્મૃતિમાં "દયાનંદ એંગ્લો વૈદિક" સ્કૂલની સ્થાપના કરવામાં આવી. સ્કૂલ માટે એક સુયોગ્ય અને લગનશીલ મુખ્યાધ્યાપકની આવશ્યકતા હતી. યુવક હંસરાજે આજીવન પોતાની સેવાઓ અવૈતનિકરુપમાં અર્પિત કરવાનો દૃઢ સંકલ્પ લીધો. કેટલો અનુપમ ત્યાગ હતો એ વીર આર્ય સમાજીમાં. વિશેષ રુપમાં એ સમયે કે જ્યારે બ્રિટિશ નોકરશાહી સારા પગાર પર નોકરીઓ આપવા તત્પર હતી.

મહાત્મા હંસરાજ પાક્કા આર્ય સમાજી હતા. તેમના મતાનુસાર આર્યસમાજની ઉન્નતિ માટે એ પરમાવશ્યક છે કે પ્રત્યેક આર્ય સમાજી પોતાને ગર્વથી આર્ય સમાજી ઘોષિત કરે. ક્યાંય આર્યત્વને છુપાવવાનો પ્રયત્ન ન કરે. કોઈપણ પ્રલોભન અથવા ભયના કારણે આર્યત્વને તિલાંજલિ આપવી આર્ય સમાજ માટે અત્યંત ઘાતક છે. જે વ્યક્તિ આર્ય સમાજી હોવાનો ઈન્કાર કરે, એ આર્ય સમાજની ગરિમા પર કલંક છે. મહાત્મા હંસરાજજીએ તો ત્યાં સુધી કહ્યું હતું કે દેશની ઉન્નતિ અને મુક્તિ આર્યસમાજ દ્વારા જ થશે, આર્ય સમાજ જ સ્વરાજ્ય લાવશે. આર્યસમાજના દશ નિયમોને વાંચવાની આવશ્યકતા નથી, પરંતુ તેને પોતાના જીવનમાં ક્રિયાત્મક રુપ પ્રદાન કરવું જોઈએ. કેટલા પવિત્ર વિચાર હતા એ મહાત્માના !

હંસરાજજીએ પોતાની ગતિવિધિઓને આર્ય સમાજ તથા ડી.એ.વી. સુધી જ સીમિત ન રાખતાં આર્ય પ્રાદેશિક પ્રતિનિધિ સભાનાં પ્રધાનના નાતે સેવાના ક્ષેત્રમાં પણ સક્રિયપણે ભાગ લીધો. બીજાના દુઃખો, કષ્ટો, મુસીબતોને પાતાની સમજી તેના નિવારણ માટે આર્ય સમાજને જનસાધારણની અત્યંત નજીક લાવી દીધો. ૧૮૯૫ માં બીકાનેરમાં દુષ્કાળ પીડિતોની સહાયતા, ૧૯૫૩ માં ક્વેટામાં ભૂકંપ પીડિતોની મદદ, કાંગડાના ભૂકંપ પીડિતોની સહાયતા તેના ઉદાહરણો છે.

મહાત્મા હંસરાજજીએ અંધવિશ્વાસો, કુરીતિઓ અને જન્મથી જાત-પાતની વિરુદ્ધ સંઘર્ષ કર્યો. તેઓ પોતે જ મહાન ન હતા પરંતુ તેમના સંપર્કમાં આવનાર અનેક વ્યક્તિઓને મહાન બનાવવા, તેમનું પથ દર્શન કરવામાં તેમનો મહત્ત્વનો ફાળો હતો.શિક્ષણ જગતમાં મહાત્મા હંસરાજજીનું મહત્વપૂર્ણ યોગદાન રહ્યું છે. શિક્ષા જગતનાં વિદ્યા વ્યસની લોકો તેમની તરફ એવી રીતે ખેંચાઈને આવતા હતા કે જેવી રીતે ચુંબકની તરફ લોખંડ. સ્વદેશ પ્રેમ, સ્વધર્મ, સ્વાભિમાન, સ્વરાજ્યની ભાવનાથી ઓતપ્રોત શિક્ષા પ્રણાલીના પ્રથમ સૂત્રાધાર હતા આદરણીય મહાત્મા હંસરાજ.

હંસરાજજી શિક્ષણના ક્ષેત્રમાં ક્રાન્તિ લાવવા ઈચ્છતા હતા. લૉર્ડ મૈકાલે દ્વારા સંચાલિત શિક્ષણ પ્રણાલી બ્રિટિશ સામ્રાજ્યની જડોને દૃઢ કરી રહી હતી, ત્યારે મહાત્મા હંસરાજજીએ એવી શિક્ષણ પ્રણાલી આરંભ કરવાનો નિશ્ચય કર્યો, જે વૈદિક અને પાશ્ચાત્ય ભૌતિક વિજ્ઞાનને સમ્મિલિતરુપમાં પ્રસ્તુત કરી શકે. જેમાં રાષ્ટ્રીયતાની ઉમંગ તથા ભારતીય ચિન્તનનું ગૌરવપૂર્ણ સ્થાન હોય. મહાત્મા હંસરાજની વૈદિક ધર્મમાં અટૂટ આસ્થા હતી. આચાર્ય હોવા છતાં પણ તેઓ ધર્મ શિક્ષાનો વિષય સ્વયં ભણાવતા હતા. છાત્રાવાસમાં છાત્રોની સાથે સંધ્યા, પ્રાર્થનામાં



પણ ભાગ લેતા હતા.

હંસરાજજી દ્વારા આરોપિત, વિકસિત આ વિશાળ શિક્ષા તરુ આજે કરોડો છાત્ર-છાત્રાઓને પોતાની શાંતિ અને સુખદાયિની શરણ પ્રદાન કરી રહ્યું છે. આજે ડી.એ.વી. સંસ્થા પોતાના સો વર્ષ પૂર્ણ કરી ચૂકી છે અને દેશ-વિદેશમાં તેના ૪૦૦ વિદ્યાલય દૃઢ સંકલ્પ સાથે કાર્યરત છે. એમાં આર્ટ્સ, સાયન્સ સ્કૂલ, પબ્લિક સ્કૂલ, આયુર્વેદિક કોલેજ, વૈદિક કોલેજ, વૈદિક દર્શન પ્રચાર અને અનુસંધાન કેન્દ્રો છે.

મહાત્મા હંસરાજનું જીવન તપ અને ત્યાગનું જીવન હતું. મહાત્મા હંસરાજજી સાદગી તથા નિરભિમાનતાના અવતાર હતા. એક વખત રાવલપિંડીના એક સજ્જન કે જે આર્ય સમાજી ન હતા, પોતાના પુત્રના ખૂબ જ આગ્રહને વશ થઈને ડી.એ.વી. કોલેજમાં દાખલ કરાવવા માટે લાહોર આવ્યા. પરત જતાં પહેલાં તેમણે પ્રિન્સીપાલને મળવાની ઈચ્છા વ્યક્ત કરી.

પહેલાં તો એમને બહુ સંકોચ અનુભવ થયો. એમણે વિચાર્યું કે ડી.એ.વી. કોલેજના પ્રિન્સીપાલ ખૂબ જ ઠાઠ-માઠથી મોટી કોઠીમાં રહેતા હશે પરંતુ એ સમયે તેમના આશ્ચર્યની કોઈ સીમા ન રહી, જ્યારે તેમને એક સાધારણ મકાનમાં લઈ જવામાં આવ્યા. ત્યાં એમણે એક સજ્જનને તર્દન સાદા કપડામાં ચટાઈ ઉપર બેઠેલા જોયા.

એ સજ્જન એમની સાથે પ્રેમપૂર્વક વાર્તાલાપ કરતા રહ્યાં. પાછળથી એમને ખબર પડી કે જેમની સાથે તેઓ વાતો કરતા હતા તે જ પ્રિન્સીપાલ મહોદય હતા. એ વ્યક્તિ મહાત્માજીની સાદગીથી એટલો બધો પ્રભાવિત થઈ ગયો કે એ જ સમયે તે આર્ય સમાજનો સદસ્ય બની ગયો.

આવા મહાન ત્યાગી, તપસ્વી, કર્મઠ અને નિષ્કામસેવી વ્યક્તિત્વ જ આર્યસમાજને પુનઃ ક્રાન્તિકારી કાર્યોમાં જોતરી શકે તેમ છે. આજે દરેક આર્ય સમાજીનું એ કર્તવ્ય છે કે તેઓ આર્ય સમાજનાં મહાન પુરુષોના જીવન સાથે પોતાના જીવનની તુલના કરે અને પોતાના દોષોને જોઈ તેને વિધિવત દૂર કરવાનો દૃઢ સંકલ્પ કરે. જો આમ થશે તો જ આર્યસમાજ પુનઃ સમાજમાં ગૌરવવંતુ સ્થાન પ્રાપ્ત કરવામાં સફળ થશે.

હંસરાજજી દ્વારા આરોપિત, વિકસિત આ વિશાળ શિક્ષા તરુ આજે કરોડો છાત્ર-છાત્રાઓને પોતાની શાંતિ અને સુખદાયિની શરણ પ્રદાન કરી રહ્યું છે. આજે ડી.એ.વી. સંસ્થા પોતાના સો વર્ષ પૂર્ણ કરી ચૂકી છે અને દેશ-વિદેશમાં તેના ૪૦૦ વિદ્યાલય દૃઢ સંકલ્પ સાથે કાર્યરત છે. એમાં આર્ટ્સ, સાયન્સ સ્કૂલ, પબ્લિક સ્કૂલ, આયુર્વેદિક કોલેજ, વૈદિક કોલેજ, વૈદિક દર્શન પ્રચાર અને અનુસંધાન કેન્દ્રો છે.

મહાત્મા હંસરાજનું જીવન તપ અને ત્યાગનું જીવન હતું. મહાત્મા હંસરાજજી સાદગી તથા નિરભિમાનતાના અવતાર હતા. એક વખત રાવલપિંડીના એક સજ્જન કે જે આર્ય સમાજી ન હતા, પોતાના પુત્રના ખૂબ જ આગ્રહને વશ થઈને ડી.એ.વી. કોલેજમાં દાખલ કરાવવા માટે લાહોર આવ્યા. પરત જતાં પહેલાં તેમણે પ્રિન્સીપાલને મળવાની ઈચ્છા વ્યક્ત કરી.

પહેલાં તો એમને બહુ સંકોચ અનુભવ થયો. એમણે વિચાર્યું કે ડી.એ.વી. કોલેજના પ્રિન્સીપાલ ખૂબ જ ઠાઠ-માઠથી મોટી કોઠીમાં રહેતા હશે પરંતુ એ સમયે તેમના આશ્ચર્યની કોઈ સીમા ન રહી, જ્યારે તેમને એક સાધારણ મકાનમાં લઈ જવામાં આવ્યા. ત્યાં એમણે એક સજ્જનને તર્દન સાદા કપડામાં ચટાઈ ઉપર બેઠેલા જોયા.

એ સજ્જન એમની સાથે પ્રેમપૂર્વક વાર્તાલાપ કરતા રહ્યાં. પાછળથી એમને ખબર પડી કે જેમની સાથે તેઓ વાતો કરતા હતા તે જ પ્રિન્સીપાલ મહોદય હતા. એ વ્યક્તિ મહાત્માજીની સાદગીથી એટલો બધો પ્રભાવિત થઈ ગયો કે એ જ સમયે તે આર્ય સમાજનો સદસ્ય બની ગયો.

આવા મહાન ત્યાગી, તપસ્વી, કર્મઠ અને નિષ્કામસેવી વ્યક્તિત્વ જ આર્યસમાજને પુનઃ ક્રાન્તિકારી કાર્યોમાં જોતરી શકે તેમ છે. આજે દરેક આર્ય સમાજીનું એ કર્તવ્ય છે કે તેઓ આર્ય સમાજનાં મહાન પુરુષોના જીવન સાથે પોતાના જીવનની તુલના કરે અને પોતાના દોષોને જોઈ તેને વિધિવત દૂર કરવાનો દૃઢ સંકલ્પ કરે. જો આમ થશે તો જ આર્યસમાજ પુનઃ સમાજમાં ગૌરવવંતુ સ્થાન પ્રાપ્ત કરવામાં સફળ થશે.

# ભારતના અનમોલ રત્ન : છત્રપતિ શિવાજી

ભારતના (આર્યાવર્તના) ઈતિહાસમાં પોતાના દેશ, સમાજની રક્ષા માટે તત્પર રહેલા ભારતના ઓલવાઈ ગયેલા દીપકોને આજની સમગ્ર દેશની અન્યાયી અને અત્યાચારી પરિસ્થિતિમાં યાદ કરવા અનિવાર્ય થઈ પડ્યા છે. આ જ દિપકોમાં જેણે પોતાના દેશની રક્ષા કાજે પોતાના જીવનને સમર્પિત કરી સ્વરાજ્યની સ્થાપનાની પ્રતિજ્ઞા લેનાર ભારતના ઈતિહાસમાં આગવું સ્થાન ધરાવનાર, દેશની ડુબતી નૈયાને સહારો આપનાર, દેશના અનમોલ રત્ન છત્રપતિ શિવાજીનો જન્મ મહારાષ્ટ્રના મુખ્ય શહેર પુનાથી પચાસેક કિલોમીટર દૂર શિવનેરી નામના કિલ્લામાં ઈ. સ. ૧૬૩૦ માં થયો હતો. તેમના પિતાનું નામ શાહજી અને માતાનું નામ જીજાબાઈ હતું. વિશેષ કરીને શિવાજીની માતા જીજાબાઈએ શિવાજીને અન્યાયી લોકો સામે લડત લડવા તેમનું યોગ્ય ઘડતર કરી તેમને સમર્થ બનાવી માતાનું કર્તવ્ય નિભાવ્યું હતું. શિવાજી નાનપણથી જ વીરતા અને સાહસની પ્રતિમૂર્તિસમા હતા. નાનપણથી જ તેમના હ્રદયમાં સ્વરાજ્યની સ્થાપનાની ચિનગારી વિદ્યમાન હતી. શિવાજી જે રાજ્યમાં રહેતા હતા તે રાજ્યમાં એટલે કે બિજાપુરમાં ખુલ્લેઆમ ગૌહત્યા થતી અને માંસ વેચાતું તે જોઈ શિવાજીથી રહેવાયુ નહી અને બિજાપુરનના બાદશાહને ફરિયાદ કરતાં બાદશાહે ગૌહત્યા અને માંસના વેચાણ પર પ્રતિબંધ લગાવ્યો. બાદશાહ દ્વારા પ્રતિબંધ લગાવ્યા છતાં રાજ્યમાં ગૌહત્યા થતી અને તેનું માંસ વેચાતુ. આવી પરિસ્થિતિ જોઈ શિવાજીથી રહેવાયુ નહી અને તેમણે માંસ વેચનાર કસાઈનું માથું તલવારના એક ઘા થી ધુળ ભેગું કર્યુ. આમ શિવાજીએ સોળ વર્ષની નાની વયે જ પોતાની વીરતા અને સાહસનો પરિચય કરાવ્યો. ત્યારબાદ શિવાજીએ એ જ અરસામાં પોતાના મિત્રો, વડીલોને તથા દાદા કોંડદેવજીને રોહિડેશ્વરના મંદિરમાં એકઠાં કરી સ્વરાજ્યની સ્થાપના કરવાની પ્રતિજ્ઞા લીધી.

બિજાપુર જેવી મોટી સલ્તનત સામે લડવું શિવાજી માટે મુશ્કેલ હતું. તેથી તેમણે વધુને વધુ લશ્કર એકઠું કરવા માડ્યું. લુંટ દ્વારા અઢળક સંપત્તિ પ્રાપ્ત કરી બીજા રાજ્યો પર આક્રમણ કરી તેમને જીતી પોતાના સામ્રાજ્યનો વ્યાપ વધાર્યો. શિવાજીની આ તૈયારીઓના અણસાર બિજાપુર સલ્તનતને મળતાં તે બેબાકળી બની. તેથી તેણે શિવાજીને જીવતો કે મરેલો પકડવાનું બીડું અફઝલખાન નામના એક તાકતવર, ક્રુર અને પ્રચંડ સરદારને આપ્યું. પરંતુ શિવાજી જેવા બુદ્ધિશાળી અને અડિગ વ્યક્તિ માટે આવા સરદારનો સામનો કરવો ઘણું મુશ્કેલ કામ ન હતું. શિવાજીને પકડવા આવનાર અફઝલખાનને શિવાજીએ પોતાના બુદ્ધિચાતુર્ય અને વીરતાથી પરાસ્ત કર્યો. અફઝલખાનની પરાસ્તતાબાદ બિજાપુરના પન્હાળગઢ નામના કિલ્લાને તેમણે જીત્યો. પન્હાળગઢની જીત બાદ તેમણે બિજાપુરના અનેકો પ્રદેશો પર હુમલાઓ શરૂ કરી દીધા. તેમના આ કાર્યોથી બિજાપુર ચિંતાતુર બન્યું.

આમ શિવાજીએ બિજાપુરના મોગલો પાસેથી કિલ્લાઓ જીતી લેવાની શરૂઆત કરી દીધી. પોતાના શૂરવીર માવળા સરદાર તાનાજીએ પ્રાણની આહુતિ આપી સિંહગઢના કિલ્લાને જીત્યો.

આ બધી કસોટીઓમાંથી પસાર થઈને આખરે શિવાજીએ "હિન્દવી સ્વરાજ્ય" સ્થાપવાની પ્રતિજ્ઞા પૂરી કરી. ત્યારબાદ ઈ.સ. ૧૬૭૪ માં સંપૂર્ણ શાસ્ત્રોક્ત હિન્દુ વિધિ મુજબ શિવાજીનો રાજ્યાભિષેક થયો અને ત્યારથી શિવાજી "છત્રપતિ શિવાજી" કહેવાયા. માત્ર પચાસ વર્ષની ઉંમરમાં શિવાજી અનેકો સિદ્ધિઓને પ્રાપ્ત કરી ચુક્યા હતાં. ભારતના અંધકારમય ભવિષ્યને પ્રકાશમય કરનાર દીપક શિવાજીનો અંત સમય આવી ગયો. ૩ એપ્રિલ ૧૬૮૦ ના દિવસે પચાસ વર્ષના ટુંકા સમય ગાળામાં શુન્યમાંથી સૃષ્ટિ ઊભી કરનાર સ્વરાજ્યનો સૂર્ય અસ્ત પામ્યો.



સંત ઓધવરામ વૈદિક ગુરુકુળના આચાર્ય સ્વામી શાંતાનંદજી દ્વારા સતત વૈદિક ધર્મનો પ્રચાર-પ્રસાર સમગ્ર ભારતભરમાં કરાઈ રહ્યો છે. સ્વામી શાંતાનંદજી તેમની તાજેતરની પ્રચારયાત્રા દરમ્યાન હરિયાણાના ચૌરા-માજરા ગામે આર્યસમાજના વાર્ષિકોત્સવમાં ઉપસ્થિત રહ્યા હતા. આર્યસમાજ ખાતે ડૉ. કૈલાસ કર્મઠ સહિત અનેક વિદ્વાનો દ્વારા ભજનોપદેશ તથા પ્રવચન યોજાયા હતા. સ્વામી શાંતાનંદજી દ્વારા ઉપસ્થિત જનસમૂહને વૈદિક ઉપદેશ આપવામાં આવ્યો હતો તે પ્રસંગની તસવીર......


# બળવાન અને સમૃદ્ધ વ્યક્તિ પોતાની સાથે થયેલ અન્યાયને રોકી દે છે અને કમજોર વ્યક્તિ અન્યાયને સહન કરી લે છે

(૨૦) લૌકિક નહિ પરંતુ આધ્યાત્મિક દ્રષ્ટિકોણના ચિંતમાં સમસ્યાના સમાધાનનો સમાવેશ છે.

સમસ્યાઓ દરેક વ્યક્તિની સામે ઉભી થાય છે અને અનેક વ્યક્તિઓની પાસે તેનું સમાધાન મોજુદ હોતું નથી. જે રીતે સામાન્ય લૌકિક વ્યક્તિ વિચાર કરે છે, લૌકિક દ્રષ્ટિકોણથી ચિંતન કરે છે, તે રીતે ચિંતન કરનારી વિચાર કરનારી વ્યક્તિ સમસ્યાઓનું સમાધન કાઢી શકતી નથી.

ધ્યાન આપવાની વાત એ છે કે કોઈ પણ વિષય પર લૌકિક દ્રષ્ટિકોણથી ચિંતન કરવું એક અલગ વાત છે અને આધ્યાત્મિક દ્રષ્ટિકોણથી ચિંતન કરવું એક અલગ વાત છે. આપણા ચિંતનની શૈલી લૌકિક હશે તો સમસ્યાઓ આપણને ઘેરી લેશે. આપણે તેનાથી દુઃખી રહીશું, તેનું સમાધાન નહિ કાઢી શકીએ, તેને સહન નહિ કરી શકીએ, તેને ટાળી પણ નહિ શકીએ. જો આપણી ચિંતન કરવાની રીત આધ્યાત્મિક હશે, ધાર્મિક હશે, દાર્શનિક હશે તો આપણે પ્રત્યેક સમસ્યાનું સમાધાન કાઢી લઈશું, તેને સહન કરી લઈશું અથવા ટાળી દઈશું. આ ત્રણ સ્થિતિ આવી જશે.

**સમસ્યા - સમાધાન**



**આચાર્ય્ જ્ઞાનેશ્વરજી દ્વારા**

સમસ્યા-સમાધાન વિષયક ઉપદેશકોનો સંગ્રહ

**સંપાદક તથા ભૂમિકા લેખક ડૉ. રાધાવલ્લભ ચૌધરી**

૧૬

અનુવાદિકા

**આર્યા વાનપ્રસ્થા જયાબેન પોરિયા (યુ.કે.)**

ઘણું કરીને એવા મનુષ્ય પાસે સમસ્યાઓ રહે છે, એવા જ તેનાથી ઘેરાયેલા રહે છે અને દુઃખી રહે છે જે મનુષ્યને સમસ્યાઓના સંબંધમાં ચિંતન કરતા આવડતું નથી. એક ઉદાહરણ આપું છું. એક મનુષ્ય વિચાર કરે છે કે મારી ઉપર અન્યાય કેમ થયો ? અન્યાય ન થવો જોઈએ, અન્યાય કરવો અધર્મ છે, પાપ છે. મારી સાથે અન્યાય કરનારી વ્યક્તિને દંડ મળવો જોઈએ, તેને તેની ભૂલ બતાવવી જોઈએ, સજા થવી જોઈએ. જો અન્યાયને આપણે સહન કરીશું અને તેનો દંડ નહિં આપીએ તો અન્યાય વધશે. અન્યાય કરનારી વ્યક્તિના સાહસને તોડવું જોઈએ, તેને રોકવી જોઈએ.

આ રીતે મનુષ્યનું વિચારવું લૌકીક દ્રષ્ટિકોણથી સાચું હોઈ શકે છે. આ વાત લૌકિક ક્ષેત્રની અંદર ઘટે છે પરંતુ આધ્યાત્મિક ક્ષેત્રની અંદર નહિં. આધ્યાત્મિક ક્ષેત્રમાં અન્યાય કરનારી વ્યક્તિને સહન કરી લેવામાં આવે છે, તેને ટાળવામાં આવે છે. તેના પ્રતિ પણ મનની અંદર તેના સુખ અને કલ્યાણની કામના, તેની ભલાઈની કામના કરવામાં આવે છે. એમ કરવાથી વ્યક્તિની પોતાનાં મનની સ્થિતિ ઠીક થઈ જાય છે. આધ્યાત્મિક ક્ષેત્રમાં આ જ એક ઉપાય છે.

ભૂમિકા - જગતને સમજવાનાં અને સમસ્યાઓનાં અકસીર દવાના રૂપમાં 'દર્શન'રૂપી સાધનનો પ્રયોગ કરવો જોઈએ. આચાર્યવર કહે છે....

(૨૧) દાર્શનિક જ્ઞાનને જાણ્યા વિના સમસ્યાનું સમાધાન સંભવ નથી.

એ નિશ્ચિત વાત છે કે ઋષિકૃત ગ્રંથોનો જ્યાં સુધી મનુષ્ય અધ્યયન કરતો નથી, ત્યાં સુધી સમસ્યાઓનું સમાધાન છક પ્રકારે કરી શકતો નથી. મનુષ્ય ગમે તેટલો ત્યાગી, તપસ્વી, પરોપકારી, પુરુષાર્થી, ધાર્મિક, સહનશીલ, વિનમ્ર કેમ ન હોય, પરંતુ જ્યાં સુધી તે દાર્શનિક દ્રષ્ટિકોણથી સમસ્યાઓના સમાધાનની રીતને સિદ્ધાંતોને સમજશે નહિં, ત્યાં સુધી તે દુઃખી રહેશે. શાબ્દિક જ્ઞાનથી યુકત મનુષ્ય પણ દુઃખી રહે છે. જ્યાં સુધી દાર્શનિક અને આધ્યાત્મિક જ્ઞાન-વિજ્ઞાન મનુષ્યના વ્યવહારિક રૂપમાં હસ્તગત હોતા નથી ત્યાં સુધી તે દુઃખી રહે છે.

ભૂમિકા - મન-મસ્તિષ્કમાં એવો દ્રષ્ટિકોણ વિકસિત કરો કે

(૨૨) બીજી વ્યક્તિ આપણા પ્રતિ પોતાની મરજીથી વિચારવામાં, બોલવામાં અને કરવામાં સ્વતંત્ર છે.

વ્યક્તિ પ્રતિ જ્યારે અન્યાય થાય છે ત્યારે વિચાર કરવાની રીત એ હોવી જોઈએ કે તેણે મારી સાથે અન્યાય કર્યો છે અને કરશે જ. કારણ કે તે વ્યક્તિ તેમ કરવામાં સ્વતંત્ર છે. ફક્ત ઈશ્વરના સામ્રાજ્યમાં અન્યાય હોતો નથી. મનુષ્યના સમાજમાં, રાષ્ટ્રમાં, મનુષ્યના પરિવારમાં એક વ્યક્તિ બીજી વ્યક્તિ પ્રતિ અન્યાય કરે છે. બળવાન અને સમૃદ્ધ વ્યક્તિ પોતાની સાથે થયેલ અન્યાયને રોકી દે છે અને કમજોર વ્યક્તિ અન્યાયને સહન કરી લે છે. પરંતુ આધ્યાત્મિક, ધાર્મિક અને વિદ્વાન વ્યક્તિ, બ્રાહ્મણ વ્યક્તિ, યોગાભ્યાસી વ્યાકતિ એ અન્યાયને જો કે વ્યક્તિગત સીમિત રાખે છે, તેને એક સીમા સુધી પ્રસન્નતાપૂર્વક સહન કરે છે. તે અન્યાય કરનારના પ્રતિ કલ્યાણની ભાવના રાખે છે.

ચરોતરપ્રદેશ આર્યસમાજ આણંદ દ્વારા

# એન. કે. સોલંકી હોલ ખાતે યોગશિબિર સફળતાપૂર્વક સંપન્ન

આણંદ

ચરોતર પ્રદેશ આર્ય સમાજ, આણંદ દ્વારા છેલ્લા નેવું વર્ષથી જાહેર જનતાના લાભાર્થે અનેકવિધ પ્રવૃત્તિઓ સતત ચલાવવામાં આવી રહી છે. તદ્અનુસાર પતજલિ ઋષિ કૃત યોગાસન અને પ્રાણાયાની શિબિરો દ્વારા આજના ભાગદોડ અને તનાવયુક્ત તથા પ્રદુષિત વાતાવરણમાં પણ વ્યક્તિને શારીરિક સ્વાસ્થ્ય, માનસિક શાંતિ તેમજ પારલૌકિક આનંદની અનુભૂતિ થાય અને માનવનો સર્વાંગી વિકાસ થઈ ધર્મ-અર્થ અને કામ થકી માનવજીવનના અંતિમ લક્ષ્ય મોક્ષની પ્રાપ્તિ માટેનું સચોટ અને છતાં સરળ માર્ગદર્શન મળી રહે તેવા એકમાત્ર આશયથી સંસ્થા દ્વારા છેલ્લા ત્રીસ વર્ષથી વધુ સમયથી સમયાનુકૂળ સતત નિઃશુલક યોગ



શિબિરનું આયોજન સંસ્થા દ્વારા કરવામાં આવે છે.

ગત તા. ૧૩મી માર્ચ, ૨૦૧૬ થી ૨૭મી માર્ચ, ૨૦૧૬ સુધી દરરોજ સવારે ૬ : ૦૦ થી ૭ : ૩૦ દરમ્યાન આ યોગશિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. ૧૭૭ મી આ યોગશિબિરનું વિધિવત ઉદ્ઘાટન વૈદિક મંત્રોચ્ચાર દ્વારા સંસ્થાના પ્રમુખ શ્રી કનકસિંહજી વાઘેલા, શિબિરના સંચાલક યોગાચાર્ય શ્રી સુરેશભાઈ ભટ્ટ શ્રી અનુલભાઈ (અતુલ ટાઈલ્સવાળા! તથા વ્યવસ્થાપક પં. વિજયકુમાર આર્યના હસ્તે દીપ પ્રગટાવીને કરવામાં આવ્યું હતું.

આ શિબિરમાં આણંદના નગરજનોએ મોટી સંખ્યામાં હાજર રહીને લાભ લીધો હતો. અત્રે એ ઉલ્લેખનિય છે કે દરેક શિબિરાર્થીઓને આરોગ્યપ્રદ જ્યુસ દરરોજ આપવામાં આવતો હતો.

# પૂ. સ્વામી વિવેકાનંદજી દ્વારા વિદેશમાં વૈદિક ધર્મ અને સંસ્કૃતિનો પ્રચાર-પ્રસાર



પૂ. સ્વામી વિવેકાંનદજીએ તેમની વિદેશ પ્રચાર યાત્રા દરમ્યાન ગત તા. ૨૧મી માર્ચ, ૨૦૧૬ના રોજ અલ કરામા, દુબઈ ખાતે એક પરિવારમાં ભારતીય પદ્ધતિથી યજ્ઞ કરાવી એક બાળકના જન્મદિવસની ઉજવણી કરી હતી. આ પ્રસંગે સ્વામી વિવેકાનંદજી પરિવ્રાજકજીએ પ્રવચન અને આશિર્વાદ પાઠવ્યા હતા. પ્રવચનનો મુખ્ય વિષય હતો 'જન્મ દિવસ કેમ મનાવવો જોઈએ ?' આ પ્રસંગે જન્મદિનની ઉજવણી કરી રહેલા બાળકે પોતાના જીવનના વિકાસ માટે એક દોષ છોડી અને એક ગુણ ધારણ કર્યો હતો તે પ્રસંગની તસવીર



સ્વામી વિવેકાનંદજી પરિવ્રાજકજી દ્વારા ગત તા. ૧૮મી માર્ચ, ૨૦૧૬ના રોજ તેમની વિદેશ પ્રચારયાત્રા દરમ્યાન અલ કરામા, દુબઈ ખાતે એક પારિવારીક સત્સંગ યોજવામાં આવ્યો હતો. આ સત્સંગનો મુખ્ય વિષય હતો 'ગૃહસ્થ જીવનને સુધી કેવી રીતે બનાવાય ? ' સ્વામી વિવેકાંનદજી દ્વારા ઉપસ્થિત શ્રદ્ધાળુ સત્સંગીઓ દ્વારા ખૂબ ઉત્સાહપૂર્વક લાંબા સમય સુધી શંકાઓનું સમાધાન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના અંતમાં સ્વામીજી દ્વારા નિરાકાર ઈશ્વરનું ધ્યાન કેવી રીતે કરવું જોઈએ તે ક્રિયાત્મક રીતે શીખવાડ્યું હતું. ઈશ્વરતે પ્રસંગની તસવીર.....

# સ્વામી વિવેકાનંદજી પરિવ્રાજકજીનું વેરાવળ ખાતે 'કર્મફળ સિદ્ધાંત' વિષય ઉપર મનનીય પ્રવચન યોજાયું




દર્શનયોગ મહાવિદ્યાલય, આર્યવન રોજડના નિદેશક સ્વામી વિવેકાનંદજીપરિવ્રાજકજી દ્વારા વેરાવળ ખાતે ગત તા. ૧૩ માર્ચના રોજ 'કર્મફળ સિદ્ધાંત' વિષય ઉપર પ્રવચનનું આયોજન કરવામાં આવ્યું હતું.

આર્યસમાજ, વેરાવળ દ્વારા યોજાયેલા આ કાર્યક્રમમાં સોમનાથ સંસ્કૃત વિશ્વવિદ્યાલયના કુલપતિ તથા વેરાવળના એનક ગણમાન્ય અતિથિઓએ ઉપસ્થિત રહી કર્મફળ અંગેની જાણકારી મેળવી હતી. આ કાર્યક્રમાં વેરાવળ ઉપરાંત રાજકોટ, પોરબંદર સહિત આસપાસના વિસ્તારમાંથી પ્રબુદ્ધ શ્રોતાઓ ઉપસ્થિત રહ્યા હતા.

સ્વામી વિવેકાનંદજી પરિવ્રાજકજીએ કાર્યક્રમને અંતે ઉપસ્થિત શ્રોતાઓની શંકાઓનું તાર્કિક સમાધાન કર્યું હતું. ઉપસ્થિત શ્રોતાઓએ પોતાના જીવનના ઉત્થાન માટે દોષોને છોડવા તથા ઉત્તમ કર્મ કરવાનો સંકલ્પ લીધો હતો તે પ્રસંગની તસવીર......

# વૈદિક જીવન પદ્ધતિ અપનાવીને જ પારિવારીક અને સામાજિક સમસ્યાઓનું સમાધાન સંભવ છે : આચાર્ય જ્ઞાનેશ્વરજી

ઈશ્વર ઉપાસનામાં આપણું મન ન લાગવાનું મુખ્ય કારણ ઈશ્વર પ્રત્યે આપણને અનન્ય પ્રેમ અને શ્રદ્ધા નથી. ઈશ્વરની સાથે સાથે આપણે આપણા ખાનપાન, વેશભુષા, આપણી વૈદિક સંસ્કૃતિને પણ ભૂલી ચૂક્યાં છીએ. પરિણામે આપણું જીવન અસ્તવ્યસ્ત બની ગયું છે અને દેશમાં પણ અનેક નાની મોટી વિવિધ પારિવારીક અને સામાજીક સમસ્યાઓ ઉભી થઈ ગઈ છે. વાસ્તવમાં આપણે એ વાત ભૂલી ગયા છીએ કે ઈશ્વર જ આપણા સૌનો આધાર છે. આપણા સમસ્ય કાર્યો ઈશ્વર પ્રદત્ત સાધનો અને સામર્થ્યથી જ થઈ શકે છે અને થઈ રહ્યાં છે. પરંતુ આપણી પાસે ઈશ્વર વિશે પૂરી જાણકારી નથી કે નથી ઈશ્વરના મહત્ત્વ અને લાભ વિશે કોઈ જાણકારી. આમ, આધ્યાત્મિક ક્ષેત્રે શુદ્ધ જ્ઞાનના અભાવને કારણે જ આજે સમાજમાં ઈશ્વર વિષે અનેક ભ્રમાત્મક માન્યતાઓ પ્રવર્તે છે. વિવિધ સંપ્રદાયો દ્વારા અનેક જુઠી, તર્ક વિરુદ્ધ અને અવૈજ્ઞાનિક માન્યતાઓ દ્વારા લોકોને જે રીતે ગેરમાર્ગે દોરવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે તે ખરેખર દુઃખદ છે.

સૃષ્ટિના રચયિતા, સર્વવ્યાપક, સર્વત્ર પ્રાપ્ય, ન્યાયકારી, દયાળુ, સર્વજ્ઞ, સર્વશક્તિમાન, આનંદસ્વરુપ પરમાત્મા પ્રત્યે અનન્ય પ્રેમ ઉત્પન્ન કરી તેની પાસેથી જ્ઞાન-બળ-આનંદની પ્રાપ્તિ કરવામાં જ મનુષ્ય જીવનની સફળતા હોવાનું તેમણે જણાવ્યું હતું.

સંસારના પદાર્થોમાં સુખ તો છે પરંતુ તેની અનેક મર્યાદાઓ હોવા ઉપરાંત તે દુઃખ મિશ્રિત સુખ છે જ્યારે ઈશ્વરનું સુખ નિત્ય અને શુદ્ધ છે. તેમણે વધુમાં જણાવ્યું કે પ્રાકૃતિક સુખ તો જુઠ, છલ-કપટ, ચોરી કે અન્યાય દ્વારા પ્રાપ્ત કરી શકાય છે પરંતુ ઈશ્વરીય સુખ તો ઈશ્વરના આદેશાનુસાર ચાલવાથી અને યોગાભ્યાસના માધ્યમથી જ પ્રાપ્ત થઈ શકે છે. પ્રાકૃતિક સુખની અપેક્ષા ઈશ્વરીય સુખના મહત્તા વધુ હોવા બાબતે સમજાવતાં તેમણે જણાવ્યું હતું કે પ્રાકૃતિક સુખ કોઈ વ્યક્તિ છીનવી શકે છે, ચોરી શકે છે, તેમાં ભાગ પડાવી શકે છે વળી તે જ્યારે જોઈએ ત્યારે તેટલી માત્રામાં, એ જ સ્વરુપમાં મળવું હંમેશા શક્ય હોતું નથી, બીજી તરફ ઈશ્વરનું સુખ કોઈ છીનવી શકતું નથી, ચોરી શકતું નથી કે તેમાં ભાગ પડાવી શકતું નથી. ઈશ્વરનું સુખ સર્વત્ર ઉપલબ્ધ છે અને તેનાંથી વ્યક્તિ ક્યારેય ઉબતો નથી, કંટાળતો નથી. ઈશ્વરનું સુખ પ્રાકૃતિક સુખની જેમ દુઃખ મિશ્રિત ન હોવાથી તે શુદ્ધ અને નિત્ય સુખ કહેવાય છે.

વર્તમાન સમયમાં માણસ ભોગવાદ અને પૈસા પાછળ દોટ મૂકી રહ્યો છે. પરિણામ સ્વરુપે આજનો મનુષ્ય સ્વાર્થી, લંપટ અને લાલચુ બની ગયો છે. વેદમાં ત્યાગ પૂર્વક ભોગવવાનો આદેશ આપ્યો છે. જો મનુષ્ય વૈદિક જીવન પદ્ધતિને અપનાવે તો આપણી અનેક પારિવારીક અને સામાજીક સમસ્યાઓનું સમાધાન થઈ શકે તેમ છે. **(આચાર્ય જ્ઞાનેશ્વરજીના પ્રવચનમાંથી સાભાર)**

# આત્મિક વિકાસ કરતાં કરતાં સર્વોત્તમ સુખને પ્રાપ્ત કરો

પ્રત્યેક આસ્તિક વ્યક્તિ ઈશ્વરને એવી પ્રાર્થના કરતો જોવા મળે છે કે મૃત્યુ બાદ તેને પશુ, પક્ષી, કીટ, જીવ-જંતુ આદિ નિકૃષ્ટ યોનિઓ પ્રાપ્ત ન થાય દરેક બુદ્ધિમાન મનુષ્ય ઓછામાં ઓછું પુનઃ મનુષ્યનું શરીર પ્રાપ્ત થાય તેવી ઈચ્છા ધરાવતો હોય છે. પરંતુ કર્મ-ફળની વ્યવસ્થાને બરાબર ન સમજી શકવાનાં કારણે મનુષ્ય સતત દુષ્કર્મ કરી દુઃખરુપી ફળનું (નિકૃષ્ટ યોનિઓનું) આરક્ષણ કરાવી લેતો હોય છે. "ગોપથ બ્રાહ્મણ" નામના પ્રાચીન વૈદિક ગ્રંથમાં એક અલંકારિક વાર્તાનાં માધ્યમથી મનુષ્યનાં સામાન્ય કર્મો અને તેનાં ફળને સમજાવવાનો સુંદર પ્રયત્ન કરવામાં આવ્યો છે.

એક મનુષ્યનું મૃત્યુ થઈ ગયું. એ પરમાત્માની સામે હાજર થયો. પરમાત્માએ જોયું કે આ માણસ તો ખૂબ જ સુંદર અને ધર્માત્મા છે. જીવનમાં તેણે દાન-પુણ્ય પણ સારુ એવું કર્યુ છે. માટે તેને શ્રેષ્ઠ મનુષ્ય યોનિમાં બીજો જન્મ આપવો જોઈએ. પરમાત્મા આવો વિચાર કરતા હતા. એટલામાં એક દેવતા હાથ જોડીને ઉભા થયા. પરમાત્માએ પૂછયું કે તમે શું ઈચ્છો છો ? દેવતાને ઉત્તરમાં કહ્યું કે હું વાયુ દેવતા છું આ મનુષ્ય ખૂબ જ શોખીન હતો. તે અત્તર, ફુલ વગેરે માટે મારો (અર્થાત વાયુનો) ઉપયોગ કરતો હતો. પરંતુ જ્યારે તે વાયુ છોડતો હતો. સ્વયં પણ નાક બંધ કરી દેતો હતો. આજુબાજુના માણસોને પણ દુઃખી કરતો હતો. આમ આ મનુષ્ય મારો કરજદાર છે. માટે હું ઈચ્છું છું કે તેણે મને (વાયુને) જેટલો ગંદો કર્યો છે, તેટલો શુદ્ધ કરી દે. પરમાત્માએ પેલા મનુષ્યને આદેશ આપ્યો કે સારુ તો જાવ, પહેલાં આ વાયુ દેવતાનું દેવું ચૂકવી દો. મનુષ્ય પૂછે છે કે કેવી રીતે ચૂકવું? પરમાત્મા કહે છે કે તું વીંછી, સાપ, અજગર અને કાનખજૂરા જેવા વાયુ શુદ્ધ કરનારી યોનિમાં જન્મ લઈ આ વાયુ દેવતાનું દેવું ચૂકવી દે. પછી જ મનુષ્ય જન્મ મળશે.

પેલો મનુષ્ય આવી યોનિયોમાંથી પાછો ફર્યો ત્યાં બીજા એક દેવતા ઉભા થયા. પરમાત્માએ પૂછયું કે તમે શું ચાહો છો? દેવતાએ કહ્યું કે હું જળ દેવતા છું. આ મનુષ્ય મને સુગંધિત કરીને પીતો હતો. અનેક પ્રકારના પીણાં બનાવીને મારો ઉપયોગ કરતો હતો. પરંતુ જ્યારે શરીરમાંથી ઉત્સર્ગ કરતો હતો ત્યારે પેશાબ, પરસેવા વગેરે રૂપે દુર્ગંધ ફેલાવતો હતો. જળને મલિન કરતો હતો, પૂછી લો એને સ્વયંને. માટે આ મનુષ્ય મારો ઋણી છે, મારું કર્જ ચૂકવી આપે. પરમાત્માએ મનુષ્યને પૂછયું કે આ ખરી વાત છે તેણે કહ્યું કે હા, મહારાજ. પરમાત્માએ આદેશ કર્યો કે જાવ, પહેલાં આ જળ દેવતાનું ઋણ ચૂકવો. તેં જેટલું પાણી ગંદુ કર્યુ છે એટલું માછલી, કાચબા વગેરેનું શરીર ધારણ કરી શુદ્ધ કર. પછી જ મનુષ્ય શરીર મળશે. મનુષ્ય જ્યારે આવી જળચર પ્રાણીઓની યોનિઓ ભોગવી પાછો ફર્યો તો એક ત્રીજા દેવતા ઉભા થયા. કહ્યું કે હું અન્ન દેવતા છું. આ મનુષ્ય છપ્પન ભોગ બનાવી મારો ઉપયોગ કરતો હતો, પરંતુ જ્યારે શરીરમાંથી મળનો ત્યાગ કરતો હતો ત્યારે તેની ઠીક ઠીક સફાઈની વ્યવસ્થા કરતો નહોતો. માટે તેને કહો કે મારું દેવું ચૂકવી દે. જેટલી ગંદકી કરી છે તેટલી જ શુદ્ધિ કરી દે. પરમાત્માએ પૂછયું કે શું આ મંજૂર છે તને ? મનુષ્યે કહ્યું કે હા મહારાજ તેમની વાત સાચી છે. પરમાત્માએ આદેશ કર્યો કે જાવ, પહેલાં અન્ન દેવતાનું ઋણ ચુકવો. તેં જેટલું અન્ન અને ભૂમિ ગંદી કરી છે તેટલું ભુંડ, કુતરો, કાગડો વગેરેનું શરીર ધારણ કરી શુદ્ધ કર

આમ, ગોપથ બ્રાહ્મણ ગ્રંથમાં આવી અલંકારિક વાર્તા દ્વારા મહત્વ સમજાવાયું છે. તેથી દરેક મનુષ્યે વેદ મંત્રોથી અગ્નિમાં હવન સામગ્રી, ઘી, સમિધા આદિ દ્રવ્યો નાંખી વાયુ, જલ અને અન્નની શુદ્ધિ કરવી જોઈએ. મનુષ્ય પશુ, પક્ષી, કીટ-પતંગ આદિ ભોગયોનિમાં જતો બચી જાય છે અને આત્મિક વિકાસ કરતા કરતા સર્વોત્તમ સુખ પ્રાપ્ત કરી લે છે. **-મહેન્દ્ર ગાંધી**

**માલિક મુદ્રક પ્રકાશક અને તંત્રી હરીશ રાણાએ અનુગ્રહ કોમ્પ્યુટર્સ એન્ડ પ્રિન્ટર્સ, જી.આઈ.ડી.સી., સેક્ટર નં. ૨૮, ગાંધીનગર ખાતે છપાવી પ્લોટ નં. ૭૯૧/ડી/૩, પંચશીલ પાર્ક, સેક્ટર -૨૧, જીલ્લો - ગાંધીનગર, ગુજરાત ખાતેથી પ્રસિદ્ધ કર્યું.**

**PUBLISHER, OWNER, PRINTER & EDITOR : HARISH RANA PRINTED AT ANUGRAH COMPUTERS AND PRINTERS, G.I.D.C., Sector No. 28, Gandhinagar PUBLISHED AT Plot No. 791/D/3, Panchsheel Park, Sector-21, Dist - Gandhinagar, Gujarat.**